# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

****************************************************

1. સી. પી. રાધાકૃષ્ણને દેશના 15-મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, જ્ઞાન ભારતમ્ મિશન ભારતની સંસ્કૃતિ, સાહિત્ય અને ચેતનાની અવાજ બનવા તૈયાર છે.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી 15મી સપ્ટેમ્બર સુધી મિઝોરમ, મણિપુર, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારના પ્રવાસે જશે.
4. કેન્દ્રીયમંત્રી ડો.મનસુખ માંડવિયાએ રમતગમતને દરેક નાગરિક સાથે જોડાય તેવું જન આંદોલન બનાવવાની જરૂર પર ભાર મૂક્યો.
5. ભારતીય મુક્કેબાજ મીનાક્ષી હુડ્ડાએ આજે ઇંગ્લેન્ડમાં વિશ્વ ચેમ્પિયનશિપની સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડની એલિસ પનફીને હરાવ્યા

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# VP SWEARING

સી. પી. રાધાકૃષ્ણનન આજે દેશના 15-મા ઉપરાષ્ટ્રપતિ બન્યા. નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે શ્રી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લેવડાવ્યા. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથ સિંઘ, જે. પી. નડ્ડા સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા.

શપથગ્રહણ સમારોહ બાદ ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણનને રાજઘાટ પર મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે સદૈવ અટલ ખાતે પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીને પણ શ્રદ્ધાંજલિ આપી. ઉલ્લેખનીય છે કે, આ મહિનાની નવમી તારીખે ઉપરાષ્ટ્રપતિ પદ માટે થયેલી ચૂંટણીમાં સી. પી. રાધાકૃષ્ણનને 452 મત મળ્યા હતા. તેમણે વિપક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને 152 મતના અંતરથી હરાવ્યા હતા.

-------------

# PM NORTH EAST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ઉત્તરપૂર્વ હવે પ્રગતિની રાહ જોતો સરહદી પ્રદેશ નથી, પરંતુ દેશની વિકાસગાથાનું કેન્દ્રબિંદુ છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ માહિતી અને પ્રસારણ મંત્રી

અશ્વિની વૈષ્ણવનો એક લેખ રજૂ કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, ઉત્તરપૂર્વ દેશના અગ્રણી ક્ષેત્ર તરીકે ઉભરી રહ્યું છે અને બૈરાબી-સૈરાંગ રેલ્વે લાઇનનું ઉદ્ઘાટન એક ઐતિહાસિક સિદ્ધિ છે. આ રેલ્વે લાઇન મિઝોરમને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડે છે. તે વેપાર, જોડાણ અને રોજગાર માટે નવી તક ઊભી કરશે.

. . . . . . . . . . . . . . .

## NEW PM GYAN BHARATAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, જ્ઞાન ભારતમ્ મિશન ભારતની સંસ્કૃતિ, સાહિત્ય અને ચેતનાની અવાજ બનવા તૈયાર છે. નવી દિલ્હીમાં જ્ઞાન ભારતમ્ પર આંતર-રાષ્ટ્રીય સંમેલનમાં આજે ઉપસ્થિત લોકોને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, ભારત પાસે અંદાજે એક કરોડ પાંડુલિપિઓનું વિશ્વનો સૌથી મોટો સંગ્રહ છે. તેમણે વધુમાં કહ્યું, ઇતિહાસમાં કરોડો પાંડુલિપિઓ નષ્ટ થઈ ગઈ છે, પરંતુ જે બચી છે તે એ દર્શાવે છે કે, આપણા પૂર્વજ જ્ઞાન, વિજ્ઞાન અને શિક્ષણ પ્રત્યે કેટલા સમર્પિત હતા. ભારત પોતાના વિચાર, આદર્શ અને મૂલ્યોથી આકાર લેનારી એક જીવંત ધારા હોવાનું પણ શ્રી મોદીએ ઉમેર્યું.

(બાઈટઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

પાંડુલિપિ વિરાસતના માધ્યમથી ભારતના જ્ઞાન વારસાને પુનઃપ્રાપ્ત કરવા વિષય અંગે ત્રણ દિવસના સંમેલનનો ગઈકાલથી પ્રારંભ થયો. આ સંમેલન ભારતની અદ્વિતીય પાંડુલિપિ સંપત્તિને પુનર્જિવિત કરવા અને

તેને વૈશ્વિક જ્ઞાન સંવાદના કેન્દ્રમાં રાખવાના ઉકેલ પર વિચાર-વિમર્શ કરવા માટે મુખ્ય વિદ્વાનો, સંરક્ષણવાદીઓ, ટેક્નોલૉજીવિદ્ અને નીતિ નિષ્ણાતોને એકસાથે લાવે છે.

. . . . . . . . . . . . . . .

## EVE. PM - MIZORAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી 15મી સપ્ટેમ્બર સુધી મિઝોરમ, મણિપુર, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારના પ્રવાસે જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મિઝોરમની મુલાકાત દરમિયાન બૈરાબી-સૈરાંગ નવી રેલ્વે લાઇન પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ રેલ્વે લાઇન મિઝોરમની રાજધાની આઈઝોલને ભારતીય રેલ્વે નેટવર્ક સાથે જોડશે. 51 કિલોમીટરથી વધુ લાંબી આ રેલ્વે લાઇન 8 હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી છે.

આ પ્રોજેક્ટ સાથે આઈઝોલ ગુવાહાટી, અગરતલા અને ઇટાનગર પછી ચોથું ઉત્તરપૂર્વીય રાજધાની શહેર બનશે જે ભારતીય રેલ્વે નેટવર્ક સાથે જોડાયેલું છે, જે વેપાર, પર્યટન અને આર્થિક વિકાસ માટે માર્ગો ખોલશે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, મિઝોરમના રાજ્યપાલ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી જનરલ (નિવૃત્ત) વી કે સિંહે બૈરાબી-સૈરાંગ રેલ્વે પ્રોજેક્ટને ખૂબ જ મહત્વાકાંક્ષી અને મહત્વપૂર્ણ ગણાવ્યો. જનરલ સિંહે કહ્યું કે, આ પ્રોજેક્ટ મુસાફરી અને માલસામાનનો ખર્ચ ઘટાડશે અને સમય પણ બચાવશે. તેમણે કહ્યું કે, આનાથી વેપાર અને પર્યટનને વેગ મળશે અને રોજગારીની તકો ઉભી કરશે.

મિઝોરમની તેમની મુલાકાત દરમિયાન શ્રી મોદી ત્રણ રેલ સેવાઓને લીલી ઝંડી આપશે. જેમાં આઈઝોલ (સૈરાંગ) - દિલ્હી રાજધાની એક્સપ્રેસ, સૈરાંગ - કોલકાતા એક્સપ્રેસ અને સૈરાંગ - ગુવાહાટી એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

મિઝોરમ પછી, પ્રધાનમંત્રી આવતીકાલે જ મણિપુરની મુલાકાત લેશે. તેઓ મણિપુરમાં 8 હજાર 500 કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## MANDAVIYA- SPORTS SUMMIT

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું કે, ભારતની દરેક શેરી રમતગમતનું મેદાન બનવી જોઈએ અને દરેક પ્લેટફોર્મ પર

ભારતીય ધ્વજ ફરકવો જોઈએ. આજે નવી દિલ્હીમાં એક ખાનગી મીડિયા સંસ્થા દ્વારા આયોજિત રમતગમત સમિટને સંબોધતા શ્રી માંડવિયાએ કહ્યું કે, રમતગમતને દરેક નાગરિક સાથે જોડાય તેવું એક જન આંદોલન બનાવવાની જરૂર છે . તેમણે સન્ડે ઓન સાયકલ જેવી પહેલોને પાયાના સ્તરે જોડાણનું પ્રતીક ગણાવી અને દરેક ઘરમાં રમતગમત સંસ્કૃતિ અપનાવવા હાકલ કરી. તેમણે ભારતને વિશ્વના ટોચના પાંચ રમતગમત દેશોમાંનો એક બનાવવા વિશે વાત કરી.

(બાઇટ- મનસુખ માંડવિયા)

શ્રી માંડવિયાએ રાષ્ટ્રીય રમતગમત વહીવટ અધિનિયમ, 2025 ને એક સીમાચિહ્નરૂપ કાયદો ગણાવ્યો જે ખેલાડીઓ માટે શાસન સુનિશ્ચિત કરશે, વિવાદ નિરાકરણ માટે એક પદ્ધતિ બનાવશે અને નિર્ણય લેતી સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ફરજિયાત કરશે.

. . . . . . . . . . . . . .

# GST REFORMS

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કરમાળખામાં કરેલા ફેરફારને સમગ્ર દેશમાંથી વ્યાપક આવકાર મળી રહ્યો છે. જીએસટી પરિષદે નાગરિકોનું જીવન સરળ બનાવવા અનેક ક્ષેત્રમાં કરના દરને ઘટાડવાની મંજૂરી આપી છે. આજે આપણે કરમુક્ત વસ્તુઓ પર નજર કરીશું.

(V-C RITA DAVE)

***(જીએસટી સુધારા અંતર્ગત ઘણી જીવનજરૂરી વસ્તુઓને કરમુક્ત કરીને સરકારે સામાન્ય માણસપર પડયા જીએસટીનાં બોજને હળવો કર્યો***

*છે. નવા કરમાળખા અનુસાર રોજીંદા વપરાશમાં આવતી વસ્તુઓ જેવી કે દૂધ, બ્રાન્ડ વગરનાં ચોખા, ઘઉં, અને દાળોને જીએસટીમાંથી મુક્ત કરાયા છે. આ ઉપરાંત બધા પ્રકારની બ્રેડને પણ જીએસટી મુક્ત  કરેલ છે.*

*લોકો પરનાં કરબોજને ઓછો કરવા નવા સુધારા અંતર્ગત જીવન અને સ્વાસ્થ્યવીમાને પણ કરમુક્ત કરાયેલ છે. જે લોકોને વધુ પ્રોત્સાહિત કરશે. દેશભરનાં લોકો દ્વારા સરકારના આ નિર્ણયનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. મીડીયા સાથે વાત કરતાં એક વ્યક્તિએ કહ્યું કે સરકારે તહેવાર પહેલા લોકોને મોટી ભેટ આપી છે. નવા જીએસટી દરનો અમલ આ મહિનાની 22મી તારીખથી લાગુ કરાશે.*

*સમાચાર વિભાગથી રીટા દવે,,, આકાશવાણી , અમદાવાદ...)*

. . . . . . . . . . . . . .

## BOXER

ભારતીય મુક્કેબાજ મીનાક્ષી હુડ્ડાએ આજે ઇંગ્લેન્ડના લિવરપૂલમાં ચાલી રહેલી વિશ્વ ચેમ્પિયનશિપમાં 48 કિલો વજન વર્ગની સેમિફાઇનલમાં ઇંગ્લેન્ડની એલિસ પનફ્રીને હરાવી હતી. આ સાથે, મીનાક્ષીએ સ્પર્ધામાં દેશ માટે ચોથો ચંદ્રક જીત્યો છે. જ્યારે, ક્વાર્ટર ફાઇનલમાં જાદુમણી સિંહ મંડેંગબામની હારને કારણે, પુરુષ મુક્કેબાજ 12 વર્ષમાં પહેલીવાર ખાલી હાથે પાછા ફરશે.

. . . . . . . . . . . . . .

# PIB FACT CHECK- YOJANA

સરકારે સોશિયલ મીડિયા પર પીએમ મુદ્રા યોજનાનો મંજૂરી પત્ર હોવાનો દાવો કરતા એક પત્રને ફગાવી દીધો છે અને તેને નકલી ગણાવ્યો છે. આ પત્રમાં પીએમ મુદ્રા યોજના હેઠળ વીમા ફી તરીકે 3 હજાર 500 રૂપિયા ચૂકવવા પર 3 લાખ રૂપિયાની લોન આપવાનું ખોટું વચન આપવામાં આવ્યું છે. પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોના ફેક્ટ ચેક યુનિટે તેને નકલી ગણાવ્યું છે અને કહ્યું છે કે, સરકાર દ્વારા આવી કોઈ મંજૂરી આપવામાં આવી નથી.

. . . . . . . . . . . . . .

# RASHTRIYA POSHAN MAAH

આજે પુદ્દુચેરીમાં આઠમા રાષ્ટ્રીય પોષણ માસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. પુદ્દુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર કે. કૈલાશનાથને કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું કે, સારું પોષણ એ સ્વસ્થ અને વિકસિત ભારતનો પાયો છે.

આ વર્ષની વિષયવસ્તુનો ઉલ્લેખ કરતા શ્રી કૈલાશનાથને લોકોને ખાંડ, મીઠું અને તેલનું સેવન ઓછું કરવા અને સંતુલિત આહાર અપનાવવા અને સ્થૂળતા, ડાયાબિટીસ અને હાઇપરટેન્શન જેવા રોગોને રોકવા માટે નિયમિત કસરત કરવા વિનંતી કરી. આ પ્રસંગે આંગણવાડીના બાળકોને પ્રમાણપત્રો અને સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . .